જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૯/૨૦૧૯ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૩૨/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૩૬૭ લીટર દેશી દારૂ, ૧૦૫૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૩ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૬૫ બીયરટીન અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૩૩/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## લુંટ : સમાચાર યાદી નં.૧૫૩૪/૧૯

**શહેરકોટડા** : દિનેશકુમાર નાથાલાલ પટેલ (ઉ.વ.૫૩)(રહે.આસોપાલ ટેનામેન્ટ, જી.આઇ.ડી.સી પોસ્ટ ઓફીસ પાસે નરોડા) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૧૯ ના કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે નરોડા રોડ વિજય મીલ ના નેળીયામાં એક અજાણ્યો રીક્ષા ચાલક તથા રીક્ષામા બેસેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) એ ભેગામળી દિનેશકુમારને ચપ્પુ બતાવી, બે-ત્રણ લાફા મારી તેમેની પાસેથી મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૮,૦૦૦/-, સોનાની બે વિંટી કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩,૫૦૦/- તથા અગત્યના દસ્તાવેજો ની લુંટ કરી તમામ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

## સોનાનું મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયા : સમાચાર યાદી નં.૧૫૩૫/૧૯

**નરોડા** : કૌશીલાબહેન વા/ઓ ભરતભાઈ મહેશ્વરી (ઉ.વ.૩૯)(રહે.કર્ણાવતી એપાર્ટમેન્ટ-૩ ભૈરવનાથ ઈસનપુર રોડ મણીનગર) તા.૦૯/૦૯/૨૦૧૯ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નરોડા નેશનલ હેન્ડલુમની પાસે આવેલ કચ્છ કડવા પાટીદાર વાડી ની સામે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ કૌશીલાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મતાનું ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગે ની ફરીયાદ કૌશીલાબહેન મહેશ્વરી એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**ઘરફોડ :** **સમાચાર યાદી નં.૧૫૩૬/૧૯**

**વાડજ** : સંજીવભાઇ રાવજીભાઇ પટેલ (ઉ.વ.૫૨)(રહે.સ્વાતંત્ર સેનાનીનગર અખબારનગર અંડરબ્રિજની સામે નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૧૯ રાતના ૧૦/૦૦ થી તા.૧૦/૦૯/૨૦૧૯ ના કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારી તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, તિજોરીમાંથી ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૪૯,૦૦૦/- મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.મિશ્રા ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ** : ભુમીકાબહેન વા/ઓ સિધ્ધાર્થભાઇ શાહ (રહે. સફલ પરીસર-૧, ગાલા જીમખાના રોડ, સાઉથ બોપલ) એ તા.૧૦/૦૯/૨૦૧૯ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૯/૧૯ સવારના કલાક ૯/૩૦ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન સોલા, હોટલ રીનેસન્સ(Renaissance) ના બીજા માળે આવેલ કોન્ફરન્સ રૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ભુમીકાબહેને ખુરશી ઉપર મુકેલ રોકડ રૂપિયા ૮૨,૯૦૦/-ભરેલ પર્સ ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**રાણીપ** : જયેશભાઇ શાકરચંદ કડિયા (ઉ.વ.૫૨)(રહે.ગીતા એપાર્ટમેંટ ના પહેલા માળે રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૯/૧૯ સવારના કલાક ૧૧/૧૫ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન મકાનના પહેલા માળે પતરાવાળા શેડ ઉપર ચડી, અગાસીવાળા રૂમમાં આવી, રૂમનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ રૂમમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૧,૦૦૦/- ની મતા ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.બારિયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૫૩૭/૧૯**

**સોલા હાઇકોર્ટ** : જયદિપભાઇ જ્યંતીલાલ સુથાર (ઉ.વ.૩૧)(રહે.આર્યભટ્ટ એપાર્ટમેન્ટ પ્રધાનમંત્રી આવાસ યોજના ચાંદલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૯/૧૯ સવારના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કામ કરતા શકદાર ખુશ્માબહેન જગજીવન રાવલ (જેના સરનામાની ખબર નથી) એ રૂમમાં મુકેલ સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૩૦,૦૦૦/ તથા સોનાની બુટી કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૦,૦૦૦/- ની મતા ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.વસાવા ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૫૩૮/૧૯**

**પાલડી** : શૈલેશભાઇ શેતાનભાઇ ડામોર (ઉ.વ.૦૩)(રહે,પાલડી ભઠ્ઠા નવા બનતા બ્રીજ નીચે મોદી સેન્ડવીચ ની સામે, પતરાના છાપરા, પાલડી) તા.૧૦/૦૯/૧૯ સાંજના ૪/૧૫ વાગ્યાના સુમારે બ્રીજ નીચે ઘર પાસે આવેલ ઇલેક્ટ્રીક બોર્ડ નજીક રમતો હતો દરમ્યાન કોઇ કારણસર કરંટ લાગતા તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગંગેવદાન રાજસિંહ ચલાવે છે.

**કૃષ્ણનગર** : બાલમુકુંદ દામોદરભાઇ પંચાલ (ઉ.વ.૩૭)(રહે.સુરભી શીલાલેખ સોસાયટી, અયપ્પા મંદીર પાછળ નરોડા રોડ) ને તા.૧૦/૦૯/૧૯ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘર આગળ આવેલ કારખાનામાં વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને સેલ્બી હોસ્પીટલ માં લઇ જતા ફરજ પર ના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભગવાનભાઇ ચલાવે છે.

**વટવા** : રામલાલ ગવરા પરમાર (રહે.પુનિતનગર ના છાપરા રેલ્વે ક્રોસીંગ પાસે વટવા) તા.૧૦/૦૯/૧૯ ના કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણી ની મોટર ચાલુ કરવા જતા વીજ કરંટ લાગતા બેભાન થઇ જતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં લાવતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો. શ્રી મહેન્દ્રભાઇ મગનભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૫૩૯/૧૯**

**વાડજ** : લવભાઇ અંબાલાલ માખીજાણી (ઉ.વ.૩૩)(રહે.સોનાદર્શન ફલેટ, ગાયત્રી મંદિરની બાજુમાં, જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૯/૧૯ કલાક ૬/૦૫ વાગ્યાના સુમારે પોતાના ફલેટના ધાબા પરથી નીચે કુદી આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.મિશ્રા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.